મહત્તમ : ૩૫.૨ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૦ ટકા

ગાંધીનગર તાપમાન

# ગણેશોત્સવમાં યોજાયો શ્રમજીવી પરિવારના બાળકોનો અનોખો ટેલેન્ટ શૉ








ગાંધીનગર, તા.૧૬

સેક્ટર-૨૨ સાર્વજનિક ગણેશોત્સવના ત્રીજા દિવસે આપણું ફાઉન્ડેશન દ્વારા શહેરની પ્રાથમિક શાળાઓના આર્થિક રીતે નબળા અને શ્રમજીવી પરિવારના બાળકોનો અનોખો ટેલેન્ટ શૉ યોજવામાં આવ્યો હતો. જે જોઈ રંગમંચ ખાતે ઉપસ્થિત તમામ મહાનુભાવો તથા દર્શકો ગદગદિત થઈ ગયા હતા. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ સરકારી શાળાઓમાં અભ્યાસ કરતા બાળકોને પ્રોત્સાહિત કરી આર્થિક રીતે પગભર થઈ શકે તે હેતુથી તેમનામાં રહેલી સુષુપ્ત શકિતઓ બહાર લાવવાનો હતો.

ગાંધીનગર શહેરની જુદી જુદી પ્રાથમિક શાળાના કુલ ૧૨૫ જેટલા બાળકોએ ભાગ લઈ ગણેશવંદના, કૃષ્ણલીલા, સિંગિગ, ઘુમર તથા મારવાડી ડાન્સ, ગરબા, ભાંગડા, બોલીવુડ ડાન્સ જેવા વૈવિધ્યસભર કાર્યક્રમો રજુ કર્યા હતા. આ દ્વારા શ્રમજીવી પરિવારના બાળકોને સમાજ સાથે જોડાવાની તક મળી તેમજ નાગરિકોને પણ બાળકોમાં રહેલી આગવી પ્રતિભા તથા ઓળખાણ થઈ હતી. આ ગણેશોત્સવ દરમિયાન ગુજરાતી મુવી ‘ગટ્ટુ એન્ડ ફ્રેન્ડસ’નું પ્રમોશન પણ કરવામાં આવ્યું હતું. સાર્વજનિક ગણેશોત્સવના અધ્યક્ષ નિશિતભાઈ વ્યાસની આગેવાનીમાં કાર્યક્રમનું સફળ આયોજન થયું હતું.

આ કાર્યક્રમને માણવા તેમજ દિપાવવા ગાંધીનગર શહેરના મહેન્દ્રભાઈ દાસ, મહેન્દ્રભાઈ પટેલ, નાઝાભાઈ ઘાંઘર, ગૌરાંગભાઈ વ્યાસ, કનુભાઈ દેસાઈ, સુનિલભાઈ ત્રિવેદી જેવા અગ્રણીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આપણું ફાઉન્ડેશનની ટીમ, સરકારી શાળાઓના આચાર્ય તેમજ શિક્ષકો, ગાંધીનગરની દિકરીઓ, બહેનો અને કોરિઓગ્રાફર્સ જેઓએ બાળકોનું ટેલેન્ટ બહાર લાવવા તનતોડ મહેનત કરી તેમજ સંસ્થાના રાકેશ જાની, મિતુલ જોશી, અશ્વિન સુહાન, મુકેશ મારુનું મુખ્ય યોગદાન હતું. કાર્યક્રમ બાદ બાળકોએ સ્વરૂચિ ભોજન લીધું હતું તેમજ બાળકોને મોમેન્ટો આપી સન્માનવામાં આવ્યા હતા.

આવતીકાલે તા. ૧૭મી સપ્ટેમ્બરના રોજ રાત્રે ૮ વાગે બેસ્ટ સિંગર ઓફ ધ સીટીની કોમ્પિટીશનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દરેક ગ્રુપના પ્રથમ વિજેતાને સંસ્થા તરફથી પ્રોત્સાહન ઈનામ તરીકે ‘સારેગામા ગુજરાત સીઝન-૨ ૨૦૧૮’ સિંગિગ સ્પર્ધામાં ભાગ લેવા એન્ટ્રી રૂપે રૂ. ૩૫૦૦નું વાઉચર આપવામાં આવશે. કાર્યક્રમનો મોટી સંખ્યામાં લાભ લેવા જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સે-૨૫ જીઆઇડીસી રોડ પર ચોરીના બાઇક વેચવા આવેલી ત્રિપુટી ઝડપાઇ




ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર વિસ્તારમાં થોડા સમયથી જ વાહન ચોરીના બનાવ વધી રહ્યા છે અને વાહન ચોરો બેફામ બની ગયા છે ત્યારે શહેરમાંથી વાહનો ચોરતી ટોળકી ને પકડવા ગાંધીનગર એસઓજીની ટીમ સક્રિય થઇ છે અને પોતાના બાતમીદારો તે દિશામાં સક્રિય કર્યા છે. દરમિયાન એસ.ઓ.જી.ને ચોક્કસ બાતમી મળી હતી કે કોલવડા જીઆઈડીસી રોડ પર ચોરીના બાઈકો વેચવા માટે ત્રિપુટી આવી છે. જેના આધારે ટીમે આ ત્રિપુટીને ચોરીના ત્રણ બાઈકો સાથે પકડી પાડી સઘન પૂછપરછ શરૂ કરી છે.

ઈન્ચાર્જ જિલ્લા પોલીસ અધિક્ષક કે એફ બળોલીયાની સૂચનાથી ગાંધીનગર એસઓજી પીઆઇ પરેશ સોલંકીની એક ટીમ વાહન ચોર પકડવા સક્રિય થાય છે ત્યારે આજે આ ટીમ શહેર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ અને જયદીપસિંહને ખાનગી બાતમી મળી હતી કે ત્રણ શખ્સો અલગ-અલગ સ્થળોએથી ચોરી કરેલા ત્રણ બાઇકો લઈને તેનો સોદો કરવા માટે કોલવડા જીઆઈડીસી રોડ તરફ ગરનાળા પાસે આવીને ઉભા છે. આ બાતમીના આધારે એસઓજીની ટીમ બાતમીવાળા સ્થળ પર પહોંચી ગઈ હતી અને ગાંધીનગરના જીઈબી છાપરા, સંજરી પાર્ક ની પાછળ રહેતા દિનેશ ઉર્ફે સુલતાન જગાજી વણઝારા, સેક્ટર-૨૪ ઇન્દિરા નગર ખાતે મકાન નંબર ૫૨૦માં રહેતા સંજય ઉર્ફે દેવેન્દ્ર પ્રતાપસિંહ રાજપૂત અને સે-૨૪ ઈન્દીરાનગર મકાન નંબર ૫૦૪માં રહેતા મહેશ રણછોડ બાવરી નામના ત્રણ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. તેમની પાસેથી અલગ-અલગ સ્થળોએથી ચોરી કરેલા ત્રણ બાઈકો મળી આવ્યા હતા. એસ.ઓ.જી.ની ટીમે ત્રણ બાઈક તથા ત્રણ મોબાઈલ મળી કુલ રૂપિયા ૫૨ હજારનો શંકાસ્પદ મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય આરોપીઓની અટકાયત કરી સઘન પુછપરછ શરૂ કરી છે. તેમની પાસેથી મળી આવેલા ત્રણેય બાઈક અંગે તપાસ કરતા બે બાઈક સેક્ટર-૨૧ પોલીસની હદમાંથી જ્યારે એક બાઈક સે-૭ પોલીસ સ્ટેશનની હદમાંથી થયા હોવાનું બહાર આવ્યું છે.

## ઓલ ઈન્ડિયા ઉલમા બોર્ડ ગાંધીનગર જિલ્લાના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર શહેર-જિલ્લા-તાલુકા ઓલ ઈન્ડિયા ઉલમા બોર્ડ (એજયુકેશન)ના હોદ્દેદારોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં ઉપપ્રમુખ જનાબ અબ્દુલ રઝાક ખાન આર. પઠાણ, મૌલાના દાઉદકૌશર અશરફી/ ગુલામ મહીયુદ્દીન એ. પઠાણ, હૈદરમીયાં શૌકતમીયાં પરમાર, મંત્રી તરીકે જાવેદમીયાં આઈ. મલેક/ ઈમરાનખાન એફ. પઠાણ/ નાશિરશા જે. દિવાન/ યુસુફખાન આર. પઠાણ/ મુસ્તાકમીયાં એમ. ચૌહાણ/ નુર મોહમંદભાઈ બેલીમ, મહંમદશફી એમ. મેમણ/ મોહંમદ ઈરફાન એન. શેખ અને સાદીકઅલી એ. સૈયદની નિમણુંક કરવામાં આવી છે. આ મિટીંગમાં અલ્લામા નઈમ બુનાઈ-નેશનલ જનરલ સેક્રેટરી, જનાબ નૌશાદ અહેમદ સિદ્દીકી-નેશનલ ચેરમેન-જનાબ કારી કમરેઆલમ-નેશનલ યુથ પ્રમુખ તથા ગુજરાત ઓલ ઈન્ડિયા ઉલમા બોર્ડના કન્વીનર જનાબ મુફીઝ અહેમદ અનસારી હાજર રહ્યા હતા.




## રૂપિયા લઈને સરકારી નોકરી અપાવવા દુકાન પાટનગરમાં જ ખૂલી હતી..!!

**જુનિ.ક્લાર્કના બોગસ ફાળવણી પત્રો લઈને કચેરીઓમાં હાજર થવા જતા પકડાઈ ગયેલા નવ ઉમેદવારોની પૂછપરછમાં સ્ફોટક વિગતો બહાર આવી : વિધાનસભાથી ૫૦૦ મીટર દૂર આ દુકાન ખૂલી હતી : ૯ ઉમેદવારોને લાખોનો ચુનો લગાવનાર સુત્રધારોએ અન્ય કેટલાય ઉમેદવારો પાસેથી લાખો રૂપિયા પડાવ્યા હોવાની આશંકા : ચિટર ટોળકીમાં મહિલાનો પણ સમાવેશ**

ગાંધીનગર, તા. ૧૬

ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા તાજેતરમાં જુનીયર કલાર્કના ઓપરેટ કરવામાં આવેલા વેઈટિંગ લિસ્ટ બાદ બોગસ ફાળવણી પત્રો લઈને ગઈકાલે વિવિધ કચેરીઓમાં હાજર થવા પહોંચી ગયેલા ૯ ઉમેદવારોને પોલીસના હવાલે કરી દેવામાં આવ્યા છે ત્યારે તેમની સઘન પૂછપરછમાં સ્ફોટક વિગતો બહાર આવવા પામી છે. રાજ્યના પાટનગરમાં વિધાનસભાથી માત્ર ૫૦૦ મીટર દૂર સેક્ટર-૧૧માં જ સમગ્ર કૌભાંડનો તખતો તૈયાર થયો હતો. એટલું જ નહિ આ સ્થળે લાખો રૂપિયા લઈને સરકારી નોકરી અપાવવા મહિનાઓ સુધી રીતસરની દુકાન ખોલી દેવામાં આવી હતી. પોલીસની પૂછપરછમાં એક મહિલા સહિત કેટલાક સૂત્રધારોના નામ ખુલવા પામ્યા છે. તે ઉપરાંત આ નવ ઉમેદવારો સિવાય પણ અન્ય સંખ્યાબંધ ઉમેદવારોને આવી રીતે છેતર્યા હોવાની વિગતો પણ પ્રાથમિક તપાસમાં બહાર આવી રહી છે. જોકે તે ઉમેદવારો હાજર થવા જાય તે પહેલાં જ સમગ્ર કૌભાંડ બહાર આવી જતા હવે તેઓ પણ ભૂગર્ભમાં જતા રહે તેવી શક્યતા છે.

ગૌણ સેવા પસંદગી મંડળના બોગસ ફાળવણી પત્રો લઈને સરકારી નોકરી મેળવવા પહોંચી ગયેલા ૯ ઉમેદવારો હાલ સેક્ટર-૭ના પોલીસ મથકમાં છે. તેમની ઈન્ટ્રોગેશનમાં વિગતો બહાર આવી છે કે શહેરના સેક્ટર-૧૧ ખાતે રાધે સ્વીટની ઉપર શિવ ફાઉન્ડેશન નામની દુકાન ખૂલી હતી. આ દુકાનમાં જ સરકારી નોકરી અપાવવા લાખો રૂપિયાના ઊઘરાણા થયા હતા. નવાઈની વાત તો એ છે કે જ્યાંથી સરકાર બેસે છે તે સચિવાલયની બિલકુલ નજીક આવેલા સેક્ટર-૧૧માં બિન્દાસ્ત સરકારી નોકરી અપાવવા લાખો રૂપિયા પડાવવાની દુકાન ખૂલી ગઈ હોવા છતાં સરકાર કે પોલીસને આ મામલાની ગંધ પણ ન આવી..! એક મહિલા સહિત કેટલાક ચિટરોના નામ ખુલ્યા છે જેમણે આ લાખો રૂપિયા ઉઘરાવીને ઉમેદવારોને બોગસ ફાળવણી પત્ર કરી આપ્યા હતા. પકડાયેલા નવ ઉમેદવારોમાંથી એક-બે જ ઉમેદવાર એવા છે જેમણે આ પરીક્ષા આપી હતી. અન્ય ઉમેદવારો તો એવા છે કે જેમણે પરીક્ષા પણ આપી ન હતી અને તેમને નોકરી અપાવી દેવાની લાલચ આપી બાટલીમાં પૂરી દેવાયા હતા. નવ ઉમેદવારોની પૂછપરછમાં બહાર આવ્યું છે કે કેટલાકની પાસે આ શખ્સોએ બે લાખ તો કેટલાક ની પાસે ૧૬ લાખ રૂપિયા સુધીની રકમ પડાવી છે. સૌથી વધુ ૧૬ લાખ રૂપિયા આ શખ્સોને આપનાર હિંમતનગરનો સાગર પટેલ નામનો ઉમેદવાર છે. તો બીજી તરફ એવી પણ આશંકા સેવાઈ રહી છે કે અન્ય સંખ્યાબંધ ઉમેદવારો પાસેથી આવી રીતે લાખો રૂપિયા ફાળવવામાં આવ્યા છે પરંતુ કૌભાંડનો પર્દાફાશ થઈ જતા હવે તેઓ પણ બહાર આવતા ડરી રહ્યા છે. સે.૭ પોલીસ મથકના પી. એ સ. આ ઈ વી.એમ.દેસાઈએ સમગ્ર મામલે તપાસ શરૂ કરી મુખ્ય સૂત્રધારો સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે અને પકડાયેલા નવ ઉમેદવારોના રિમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

# હે પ્રભુ, મને હંમેશા યોગ્ય માર્ગે લઈ જજો....!!!

**બાળપણમાં બિમારીમાં ખેંચ આવવાને કારણે દૃષ્ટિ ગુમાવનાર દિકરીએ સંઘર્ષ છતાં અભ્યાસની લગન છોડી નહીં : માતાની હૂંફના સહારે આજે પ્રજ્ઞાચક્ષુ દિકરી પોસ્ટ ગ્રેજ્યુએટ થયા બાદ પીએચડી કરી રહી છે અને તેના અડગ મનના આત્મવિશ્વાસની પ્રતિતિ કરાવી રહી છે**

ગાંધીનગર, તા.૧૬

શાળાનું શિક્ષણ પહેલા શિખવે છે અને પછી પરીક્ષા લે છે પરંતુ જીંદગીની પાઠશાળા એવી છે કે જે પહેલા પરીક્ષા લે છે અને તેમાંથી શિખવે છે. જીંદગી જયારે તમારી સામે પરિસ્થિતિ લાવીને મુકી દે છે ત્યારે તેમાંથી પસાર થયા વિના છુટકો નથી હોતો અને પરિસ્થિતિનો સામનો કરનાર હંમેશા વિજયી નિવડે છે, એટલે જ તો કહેવાય છે કે ‘અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.’ ગાંધીનગરના સેકટર-૭માં રહેતી એક પ્રજ્ઞાચક્ષુ દિકરી દક્ષા તડવી એક એવા જ અડગ મનના માનવીનું ઉદાહરણ છે જે વિષમ પરિસ્થિતિઓની સામે લડીને પોતાના ધ્યેય તરફ મકકમતાથી આગળ વધી રહી છે અને તેમાં સદનસીબે તેને માતાની હૂંફનો સહારો પ્રાપ્ત થઈ રહ્યો છે.

નર્મદા ડેમ નજીકના અંતરિયાળ વિસ્તારના ‘ઝેર’ ગામના વંચિત સમાજના કાન્તિભાઈ તડવી કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર નિગમમાં પટાવાળા તરીકે ફરજ બજાવી રહ્યા હતા અને તેમની પહેલા ધોરણમાં ભણતી ફૂલ જેવી દિકરી અચાનક તાવમાં પટકાઈ અને તેમાંથી કોઈ તબીબે ટાઈફોઈડનું નિદાન કર્યું તો કોઈએ અન્ય બિમારીનું પણ આ બિમારીના પગલે તદ્દન અશકત થઈ ગયેલી દક્ષાને ખેંચ આવવી શરૂ થઈ ગઈ. એકવાર એટલી મોટી ખેંચ આવી કે તેમાં આ નાજુક દિકરી પોતાની દૃષ્ટિ જ ખોઈ બેઠી. માંડ માંડ સાજી થયેલી દિકરી પછી પોતાની દૃષ્ટિ પાછી મેળવી શકી નહી અને સતત શાળાએ જઈ અભ્યાસ કરવાની લગન ધરાવતી દક્ષાનું




નિશાળે જવું બંધ થઈ ગયું. આશરે ૧૯૯૬-૯૭ની આ વાત છે જયારે તે સમયે તે વિસ્તારમાં કોઈ અંધશાળા પણ નહોતી કાંતિભાઈએ તપાસ કરી તો ગાંધીનગર-અમદાવાદમાં અંધશાળા હોવાની માહિતી મળી એટલે નિગમમાં બદલી માટે અરજી કરી અને દિકરીને રૂબરૂ લઈને જ નિગમમાં રજુઆત કરવા આવી જતા તેમને ગાંધીનગર બદલી કરી આપવામાં આવી. ગાંધીનગરમાં સેકટર-૨૪માં તેમને કવાટર્સ મળ્યું અને ઘણી તપાસના અંતે તે સમયે સેકટર-૨૯માં ચાલતી અંધશાળામાં દિકરીનું એડમિશન કરાવ્યું. કાંતિભાઈ આખો દિવસ ઓફિસે હોય અને તેમના પત્નિ હીરુબેન દિકરીને ચાલતા શાળાએ લઈ જાય અને ભણી રહે એટલે પાછી લઈને આવે તે રીતે દક્ષાનો અભ્યાસ ચાલુ થયો હતો.

સે-૭માં રહેવા આવી ગયેલ દક્ષા માટે હવે નવી પધ્ધતિની શાળા હતી જેમાં બ્રેઈલ લીપીમાં ભણતા તેના હાથ દુઃખી જતા હતા. શરૂઆતમાં શિક્ષકોએ તેને સતત હાથ પકડીને શિખવાડવું પડતું હતું અને દક્ષાની ભણવાની ધગશને લીધે ઝડફથી તેને ફાવી ગયું પછી તો તેણે નક્કી કર્યું કે હવે ભણવાનું છોડવું જ નથી. આ શાળામાં તેને ઈલાબેન મિસ્ત્રી જેવા માયાળુ શિક્ષિકાનો ખૂબ સહકાર મળ્યો અને પોતાના બે નાના ભાઈઓ સાથે મોટી થતી દક્ષાએ ધોરણ-૧૦માં બોર્ડમાં ૭૮ ટકા સાથે ડિસ્ટીંકશન ગુણ પ્રાપ્ત કર્યા અને પછી ધો-૧૨ના બોર્ડમાં ૬૯ ટકા સાથે ઉત્તીર્ણ થઈ. ધો-૮માં શિલ્પા પટેલ નામના શિક્ષિકા દ્વારા કહેવાતી રામાયણ, મહાભારત, ભગવદગીતા જેવી પૌરાણિક કથાઓના કારણે ભગવાન શ્રીકૃષ્ણથી અત્યંત પ્રભાવિત દક્ષા હંમેશા તેમને મનોમન કહેતી રહેતી કે, ‘હે પ્રભુ, મને હંમેશા યોગ્ય માર્ગે લઈ જજો.’ પોતાના



પ્રિય તહેવાર નવરાત્રીમાં જાતજાતના નવા કપડાં પહેરવાની શોખીન દક્ષાને તૈયાર થવું ખૂબ જ ગમતું અને ગરબામાં ઈનામ પણ જીતી લાવતી હતી. અભ્યાસની સાથે સાથે દક્ષાએ સંગીતની પણ તાલીમ મેળવી અને તેમાં જ સ્નાતક કક્ષા કહેવાય તેવી વિશારદની પદવીમાં તેને હવે માત્ર એક જ પરીક્ષા આપવાની બાકી છે. તમામ પરિસ્થિતિમાં સતત તેનો પડયો બોલ ઝીલતી માતા હીરુબેન તેને ડગલેને પગલે સાથે રહી ઉત્સાહ વધારતા રહેતા હતા. ધો-૧૨ પછી સમાનતાના અધિકાર મુજબ દક્ષાને સે-૭માં ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં પ્રવેશ મળી ગયો અને અંગ્રેજી સાહિત્ય વિષયમાં તેણે સ્નાતકનો અભ્યાસ ચાલુ કર્યો કોલેજમાં ભણવાની પધ્ધતિ અલગ, પહેલા શિક્ષક નોટસ આપે તે વાંચવી કેવી રીત તે જ મોટો પ્રશ્ન અહીં માત્ર ૯મું ધોરણ પાસ માતા હીરુબેન મદદે આવ્યા. તેમને સ્પેલિંગનો ઉચ્ચાર આવડે નહી પરંતુ એબીસીડી આવડતી હોવાથી એક એક મૂળાક્ષર બોલી ભણવામાં મદદ કરે અને તેમ કરતા દક્ષાએ ૨૦૧૩માં ૬૬ ટકા સાથે ફર્સ્ટ કલાસમાં પાસ થઈ ગ્રેજયુએશન મેળવ્યું અને પોસ્ટ ગ્રેજયુએશન ચાલુ કર્યું. એમએની ફાઈનલ પરીક્ષામાં જે કોલેજમાં તેનો નંબર આવ્યો હતો ત્યાં પહેલા દિવસે તેને એક ગંદા ઓરડામાં બેસાડવામાં આવી હતી અને એક કલાક સુધી તો પેપર આપવાનું જ ભૂલી ગયા હતા. ફરિયાદ કરી તો કોલેજવાળાએ તેનો રાઈટર એક લેવલ ઓછું ભણેલા હોવાની આડકતરી હેરાનગતિ કરવા વાંધો ઉઠાવ્યો. બીજા દિવસે દક્ષા યુનિવર્સિટીનો જે જીઆર છાપામાં છપાયો તેનું કટિંગ લઈને પરીક્ષા આપવા ગઈ ત્યારે પરીક્ષા શાંતિથી આપી શકી પરંતુ તેના રાઈટરના પિતાને પેરેલીસીસનો એટેક આવતા તાબડતોબ નવા રાઈટરની વ્યવસ્થા કરવી પડી. આમ છતાં એમએમાં દક્ષા ૬૮ ટકા સાથે ઉત્તીર્ણ થઈ અને હવે તેણે સેન્ટ્રલ યુનિવર્સિટીમાં એમફિલમાં એડમિશન લીધું છે જેમાં પણ પહેલા વર્ષે ૭૬ ટકા ડિસ્ટીંકશન ગુણ મેળવી બીજા વર્ષે પીએચડી કરવાનું પણ ચાલુ કરી દીધું છે.

એમફિલના અભ્યાસ દરમિયાન દક્ષાએ ગોવર્ધનરામ ત્રિપાઠી લિખિત ‘લીલાવતી જીવનકલા’ પુસ્તક જેણે અંગ્રેજરાજના સમયમાં ભારતીય સમાજ જીવન શૈલી પર ખૂબ મોટી અસર ઉભી કરી હતી તેનો અંગ્રેજી અનુવાદ તૈયાર કર્યો છે. સંસ્કૃત છાંટવાળી ગુજરાતીમાં લખાયેલા આ પુસ્તકનો અનુવાદ કરતા પહેલા એક વર્ષ તો સતત વાંચન કરવું પડયું અને બીજું વર્ષ તેનો યોગ્ય અનુવાદ કરવામાં ગયું પણ અંતે તે પુસ્તક લખીને જ જંપી. ખેલ મહાકુંભમાં ચેસની રમતમાં પણ ભાગ લઈ ચુકેલ દક્ષાને જીવનમાં ડૉકટરેટ થઈને ‘લેકચરર’ બનવું છે અને વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષણ સાથે આત્મવિશ્વાસ પણ રેડવો છે જે તેની વાતોમાં છલોછલ છલકાઈ રહ્યો છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## @ગાંધીનગર

● સે-૧૨ સિવિલ કેમ્પસ રામદેવપીર મંદિર ખાતે રાત્રે ૯ કલાકે ભજન-સંતવાણી કાર્યક્રમ યોજાશે.

● સે-૨ ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે હકાભા ગઢવી અને ભરતદાન ગઢવીનો હાસ્ય દરબાર યોજાશે.

● સે-૨ ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે હિન્દી ફિલ્મના જુનિયર કલાકારોનો કાર્યક્રમ યોજાશે.

● કેપીટલ ડેકોર ૨૦૧૮નો પ્રારંભ સવારે ૯ કલાકે મહાત્મા મંદિર ખાતે કરવામાં આવશે.

● ગુજરાત રાજય રાવળ યોગી સાહિત્ય, કલા અને સંસ્કૃતિ દ્વારા આયોજીત ‘યોગી વનનો ઉજાસ ગ્રંથ’નું વિમોચન સે-૧૭ ટાઉનહોલ ખાતે સવારે ૯ કલાકે યોજાશે.

● સત્યમેવ રોયલ ગણેશ ઉત્સવ ખાતે સવારે ૯ કલાકે કથા અને ૧૨ કલાકે વિસર્જન યાત્રા યોજાશે.

● મહાકાળી મહાપ્રસાદ સેવા કેન્દ્ર ખાતે સાંજે ૭ કલાકે રાસ ગરબાનો કાર્યક્રમ યોજાશે.

● મંડપ હાયરર્સ ઈલેકટ્રીકલ એસોસિએશન દ્વારા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે ઘ-૨ સર્કલથી ૫૦ બાઈક અને ૧૦૦ કાર રેલીનું આયોજન.